એકા. જાવક નંબર ૧૩૨૭
તારીખ: ૨૩/૧/૧૮

# પરિપત્ર

## મુદત બંધી – (તા.૩૦/૦૧/૨૦૧૮ સુધીમાં)

**ખાસ અગત્યનું**

એકાઉન્ટ વિભાગ
તા.૨૩/૦૧/૨૦૧૮

પ્રતિ
શાખાધિકારીશ્રી (તમામ),
મહાનગરપાલિકા, ભાવનગર

વિષય :- આપના વિભાગ મારફત રાખવામાં આવતાં તમામ કામોનાં કોન્ટ્રાકટરોનાં કામ કરતાં કર્મચારીઓનાં EPF બાબત.

સંદર્ભ :- (૧) EPFO કચેરી મારફત મળેલ સમન્સ NO/GUS/57511/ENF/YT-4/44 7 ૨૬/૫/૨૦૧૭
(૨)ક્રમાંક/ મહેકમ / ૫//૫૫૮ તા. ૧૬/૨/૧૩
(૩) ક્રમાંક/ મહેકમ / ૫/૭૩-૧ તા.૨૦/૪/૧૩
(૪)એ.કા.જા.નં ૧૩૩ તા.૧૬/૫/૧૩
(૫) એ.કા.જા.નં ૧૫૧ તા. ૧૧/૫/૧૬
(૬) એ.કા.જા.નં ૩૪૮ તા.૧૯/૭/૧૬
(૭) એ.કા.જા.નં ૨૫૭ તા. ૩૧/૫/૧૭
(૮) એ.કા.ઇ.નં ૪૧૫૯ તા. ૧૦/૧૧/૧૭
(૯) એકા.જા.નં.૧૧૫૧, તા.૦૨/૦૧/૨૦૧૮

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ દર્શિત પત્રોની વિગતે જણાવવાનું કે જે-તે વિભાગ મારફત રાખવામાં આવેલ કામોના કોન્ટ્રાક્ટર/બહારનીસંસ્થા/વ્યક્તિ/એજન્સીઓ મારફત તેમના તાબા હેઠળ કામ કરતા કર્મચારીઓના ઇ.પી.એફ.કપાણ ની રકમ ઇ.પી.એફ.ઓ.ની કચેરીમાં જમા કારાવવાની જવાબદારી જે-તે કોન્ટ્રાક્ટર/બહારનીસંસ્થા/વ્યક્તિ/એજન્સી નિભાવે છે કે કેમ તે ચકાસણી સંલગ્ન વિભાગે બિલ ચુકવવાપાત્ર બને તે પાસ કરાવતા પહેલા કરવાની હોય છે. જે-તે એજન્સી કોન્ટ્રાક્ટરો દ્વારા તેનો ઉમેરો ઉમેરવાની જવાબદારી સંપુર્ણપણે કોન્ટ્રાક્ટર/બહારનીસંસ્થા/વ્યક્તિ/એજન્સીઓની રહે છે. આ બાબતે અગાઉ વારંવાર પરિપત્રો કરી જાણ કરવામા આવેલ છે અને છેલ્લે સંદર્ભ-૯ મુજબની માહિતીનો પરિપત્ર કરવામાં આવેલ છે જેની સામે તમામ વિભાગોની આવેલ તથા બાકી ("-" કે ખાલી જગ્યા દર્શાવતી) માહિતી આ સાથે જોડેલ પરિશિષ્ટમાં દર્શાવેલ છે. આમ હજુસુધી કોઇપણ વિભાગેથી જરૂરી તમામ માહિતીઓ યોગ્ય રીતે મોકલીને પ્રસ્તુત કામગીરી સંપુર્ણ રીતે પુરી કરવામાં આવેલ નથી. પ્રસ્તુત બાબતે નજીકના ભવિષ્યમાં જે-તે વિભાગને લગત મ.ન.પા.ખાતે મોટી નાણાંકિય જવાબદારી ઉપસ્થિત થઇ શકે તેમ હોઇ તમામ વિભાગોએ પોતાની વિગતો મોડામાં મોડી તા.૩૦/૦૧/૨૦૧૮ સુધી મોકલવાની રહેશે.

દરમ્યાન, ભાવનગર મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગો દ્વારા રાખવામાં આવેલા તમામ કોન્ટ્રાક્ટર/બહારનીસંસ્થા/વ્યક્તિ/એજન્સીની અંડરમાં કામ કરતા કર્મચારીઓનો ઇ.પી.એફ. કપાઇ છે કે નહી તેની જવાબદારી નક્કી કરવા માટે ઇ.પી.એફ.ઓ. કચેરી મારફત ત્રણ અધિકારીશ્રીઓની સ્કોડ મુકવામા આવેલ છે જેઓની પહેલી મુલાકાત દરમ્યાન થયેલ ચર્ચા અને મળેલ સુચના મુજબની તપાસ કરતા આ બાબતનું ધ્યાન રાખવામાં નહી આવેલ હોય તો આ બાબતની સંપુર્ણ જવાબદારી ખાતા અધિકારીશ્રીની રહેશે જેની નોંધ લેવી.

વધુમાં રિજીયોનલ પી.એફ. કમિશનરશ્રી એ આપેલી મૌખિક સુચના મુજબ કાયદાનુસાર ભાવનગર મહાનગર પાલિકા ખાતે આપના વિભાગના કોઇપણ જાતના ટેન્ડરો કોન્ટ્રાક્ટરોના કોન્ટ્રાક્ટ વિગેરે બહારનીસંસ્થા વ્યકિત/એજન્સી કે આપના દ્વારા સોંપેલ કોઇપણ કામો માટે ની તેઓની <u>પાત્રતા/લાયકાતમાં ઇ.પી.એફ. કોડ ફરજીયાત હોવા અંગેનો નિયમ બનાવી તેની અમલવારી કરાવવી જરૂરી છે</u> અન્યથા જો કોન્ટ્રાકટર/બહારનીસંસ્થા/વ્યક્તિ/એજન્સીને ઇ.પી.એફ. લાગુ પડતો ન હોય તો તેના ભાવનગર મ.ન.પા.ની જે-તે કામગીરી કરતા કર્મચારીઓને આપોઆપ ઇ.પી.એફ. લાગુ પડી જાય છે જેની ચુકવણાની જવાબદારી ભાવનગર મ.ન.પા.ની થાય. આથી, આપના વિભાગના કોઇપણ જાતના કામ માટે ટેન્ડરો, વગેરે બહાર પડે ત્યારે ફરજીયાતપણે <u>તેઓની પાત્રતા/લાયકાતમાં ઇ.પી.એફ.કોડ/રજીસ્ટ્રેશન એક કાયમી શરતરૂપ રાખશો</u>. ઉપરાંત, આવા કોન્ટ્રાક્ટર/બહારનીસંસ્થા/વ્યક્તિ/એજન્સીના બીલો બનાવવામાં આવે ત્યારે જ બીલો પાસ થાય તે પહેલા પી.એફ ના કાયદાનુ પાલન કર્યા અંગેની હકીકત/આધાર પુરાવા/ઈ.પી.એફ.ના ચુકવણાના ચલણો બીલ સાથે જ હોવા જોઇએ. આ અંગેની પુર્ણ ચકાસણી ખાતા અધિકારીશ્રી મારફત થવી જરૂરી છે. ત્યારબાદ આ બાબતનું જો ધ્યાન રાખવામાં ન આવેલ હોય તો ઓડિટ વિભાગે બીલો પાસ ન કરવા. ઇ.પી.એફ. ના કાયદાનું પાલન થયાની ખાત્રી કરવાની "પ્રિન્સીપલ એમ્પ્લોયર" તરીકે ભાવનગર મહાનગરપાલિકાની જવાબદારી થતી હોવાથી તમામ શાખાધિકારીશ્રીએ આ બાબતનું ખાસ ધ્યાન રાખી ઘટીત કાર્યવાહી કરવી જરૂરી બને છે. અન્યથા આ બાબતની જવાબદારી સંપુર્ણ રીતે જે તે શાખાધિકારીશ્રીની રહેશે.

સામેલ તમામ વિગતો ધ્યાને લઇ ઇ.પી.એફ. કચેરી દ્વારા ચાલતી 7/એ ની ઇન્કવાયરી માટે આપના વિભાગ મારફત રાખવામાં આવેલા કોન્ટ્રાક્ટર/બહારનીસંસ્થા/વ્યક્તિ/એજન્સી દ્વારા રાખવામાં આવેલા તેમના કર્મચારીઓના ઇ.પી.એફ.કપાત કર્યા અંગેની વર્ષ વાઇઝ માહિતી સ્પષ્ટપણે મોકલી આપવામાં નહી આવે તો તે અંગેની પેનલ્ટીની સંપુર્ણ જવાબદારી શાખાધિકારીશ્રીની રહેશે જેની નોંધ લેશો.

આમ, જરૂરી માહિતી તથા આ સાથે જોડેલ પત્રક મુજબની માહિતી વર્ષવાઇઝ ફાઇલિંગ સાથે એકાઉન્ટ વિભાગને <u>તા.૩૦/૦૧/૨૦૧૮</u> સુધીમાં મોકલી આપવાની રેહશે તથા સદરહુ કાયદાપાલન અંગેની બાબતનું ધ્યાન રાખવા આથી તમામ શાખાધિકારીશ્રીને સુચના આપવામા આવે છે.

કમિશનર
મહાનગરપાલિકા, ભાવનગર